# સંપાદકીય

## સ્ત્રી એકલી રહી શકે, પુરુષ માટે એકલા રહેવું ખૂબ મુશ્કેલ છે

આપણે એવું માનીએ છીએ કે સ્ત્રી ડરપોક, નબળા મનની અને અશક્ત હોય છે, પરંતુ મનોવૈજ્ઞાનિકોના અભ્યાસ અને વાસ્તવિક આંકડાઓ જોઈએ તો સ્ત્રીની સરખામણીમાં પુરુષ પોતાને ખુબ જ નબળો અને લાચાર સમજે છે. કદાચ આટલા જ વાક્ય સાથે તમે સહમત નહીં થાઓ પરંતુ અખબારમાં રોજે રોજ આવતી આત્મહત્યાની ઘટનાઓ પર એક નજર કરશો તો સમજાશે કે દસ આત્મહત્યાની ઘટનાઓમાં પુરુષો અને સ્ત્રીઓની ટકાવારી ૭:૩ છે. આમ જ્યારે મુશ્કેલ સ્થિતિ નિર્માણ થાય ત્યારે સ્ત્રી તેનો સામનો કરી લે છે પરંતુ સ્ત્રીઓની સરખામણીમાં પુરુષોની સેલ્ફડીફેનિઝમ સિસ્ટમ ખુબ જ નબળી હોય છે. જેના પરિણામ સ્વરૂમ મુશ્કેલ સ્થિતિઓમાં સ્ત્રી રસ્તો શોધી પહાડની જેમ અડઘ ઊભી રહેવાના સતત પ્રયત્નો કરતી હોય છે જ્યારે પુરુષનો પુરુષ હોવાનો અહંકાર ક્ષણમાં જ તૂટી જાય છે.

વાત અહીં માત્ર જીવન મરણની નથી, પણ એવી હજારો ઘટનાઓ છે જેમાં સ્ત્રી પરિસ્થિતિ ઉપર વિજય મેળવવાનો પ્રયત્ન કરી વિજય પણ મેળવે છે જ્યારે પુરુષ નાની નાની ઘટનાઓમાં પણ નાસીપાસ થઈ જાય છે. તેનું એક કારણ એવું પણ છે કે, સ્ત્રી ઘણી સરળતાથી પોતે શક્તિમાન નથી, પોતે લાચાર છે અને નબળી છે તેવું સહજતાથી પોતાને સમજાવી શકે છે. જ્યારે આપણે ત્યાં પુરુષના ઘડતરમાં જ ખોટ છે, જેને કારણે પુરુષને ડર લાગતો નથી, પુરુષ હારતો નથી અને પુરુષ રડતો નથી તેવી ગળથૂંથી જે આપણને પીવડાવી દેવામાં આવી છે તે ખરી વાસ્તવિક્તા કરતાં સાવ જુદી હોય છે. પુરુષને ડર પણ લાગે છે, તે હારે પણ છે અને તેને રડવું પણ આવે છે. પણ ખોટું શિક્ષણ પુરુષને હારવા દેતું નથી અને રડવા દેતું નથી માટે તે ભાંગી જાય છે જ્યારે સ્ત્રી પોતે લાચાર અને અશક્ત હોવાનું સ્વિકારી બહુ જલ્દી આવી પડેલી સ્થિતિ પર નિયંત્રણ મેળવી લે છે.પતિનું અવસાન થાય અથવા કોઈ કારણ સર પતિ-પત્ની છૂટા પડે ત્યારે ૯૯ ટકા કિસ્સામાં સ્ત્રી સિંગલ પેરેન્ટની ભૂમિકા બખૂબી નિભાવે છે. તે જન્મજાત બાળકની માતા તો હોય જ છે પરંતુ પરિસ્થિતિ નિર્માણ થાય તો તે બાળકના ઉત્તમ પિતા પણ સાબિત થઈ શકે છે.

આપણા દેશમાં આવી લાખોની સંખ્યામાં સ્ત્રીઓ છે કે જેણે પતિના અવસાન પછી કે પતિથી છૂટા પડ્યા પછી પોતાના બાળકોને તે તમામ ઉત્તમ બાબતો આપી જે તેમને તેના પિતા આપી શક્તા હતા. પતિથી અલગ થનારી લાખો સ્ત્રીઓ છે કે જેણે દુનિયાની કડવી નજરોથી પોતાની જાતને બચાવી પોતાના બાળકને પિતાનું છત્ર પુરું પાડ્યું છે, પરંતુ બહુ એવા ઓછા પિતાઓ છે કે જેમણે પત્નીના અવસાન પછી અથવા પત્નીથી અલગ થયા પછી સિંગલ પેરેન્ટની ભૂમિકા અદા કરી હોય.પતિ-પત્ની જ્યારે સાથે રહેતા હોય છે ત્યારે પતિને ખ્યાલ જ નથી હોતો કે જેમ સહજતાથી તે શ્વાસ લે છે તેમ તેની આસપાસની ઘટનાઓ તેની સાથે પત્નીને કારણે સહજ બની ગઈ છે. પતિ સવારે ઉઠે અને નોકરીએ જાય અને ત્યાંથી પરત ફરે ત્યાં સુધીની તમામ જરૂરિયાતો માગ્યા વગર તેની પત્ની સમયસર પુરી કરે છે. પુરુષની નજર ફરે અને જે સ્ત્રીને તેની વાત સમજાય તે તેની પત્ની જ હોઈ શકે છે. તાજેતરમાં ગુજરાતના બે સિનિયર પોલીસ અધિકારીઓના વીડિયો વાયરલ થયા જેમણે ત્રણથી ચાર દાયકા એક ઉત્તમ પોલીસ અધિકારી તરીકે પસાર કર્યા અને લગભગ પાંચ દાયકા કરતાં વધુ સમય સુધી તેઓ પોતાનું દાંપત્ય જીવન જીવ્યા.તેમણે જીવનમાં એવો નિર્ધાર કર્યો હશે કે આખી જીંદગી પોલીસની દોડધામ ભરેલી નોકરી કર્યા પછી તેઓ પોતાના જીવનસાથી સાથે જીવનનો ઉત્તરાર્થ પસાર કરશે, પણ કુદરતે જાણે કાંઈક જુદુ જ નિર્માણ કર્યું હતું. જ્યારે નોકરીકાળ પુરો થયો અને જીવનસાથી સાથે ઉત્તરાર્થ પસાર કરવાનો હતો ત્યારે જ જીવનસાથીની વિદાય થઈ. ખાખી કપડામાં જીવતા આ અધિકારીઓ આજે પોતાને લાચાર અને એકલા સમજી રહ્યા છે. આવું અનેક પુરુષો સાથે થાય છે. પતિની વિદાય પછી પત્ની એકલી જીવી જાય છે પરંતુ પત્નીની વિદાય પછી પુરુષો બહુ લાંબુ જીવતા નથી તેવો પણ એક અભ્યાસ થયો છે.

## બોલો...ચીનના લોકો ત્યાંની સરકાર કરતાં મોદી સરકારથી વધુ ખુશ..!

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા માત્ર દેશ જ નહીં પરંતુ વિદેશમાં પણ વધતી જઈ રહી છે. ચીનમાં મોટી સંખ્યામાં લોકો તેમના મુરીદ છે. લદ્દાખ હિંસાના ત્રણ મહિના બાદ ચીનના મુખપત્ર ગ્લોબલ ટાઈમ્સ દ્વારા કરવામાં આવેલા એક સર્વેક્ષણમાં આ વાત સામે આવી છે કે મોટા ભાગના ચીની પોતાના નેતાઓ કરતા વધારે સ્ મોદીની કાર્યપ્રણાલીથી ખુશ છે. સર્વેક્ષણ અનુસાર લગભગ ૫૦ ટકા ચીની નાગરિક બીજિંગના અનુકૂળ પ્રભાવે રાખે છે જ્યારે ૫૦ ટકા લોકોએ ભારતની મોદી સરકારના વખાણ કર્યા છે. લગભગ ૭૦ ટકા માને છે કે ભારતમાં ચીન વિરોધી ભાવના ઘણી વધારે થઈ ગઈ છે. ૩૦ ટકાથી વધારે લોકોને લાગે છે કે બંને દેશોના સંબંધોમાં સુધાર થશે. સર્વેક્ષણમાં સામેલ ૯ ટકા લોકોનું માનવુ છે કે ભારત-ચીનના સંબંધોમાં સુધાર અલ્પાવધિ માટે હશે પરંતુ ૨૫ ટકા અનુસાર બંને દેશોના સંબંધ લાંબા સમય સુધી મજબૂત રહેશે. આ દરમિયાન ચીનની સૌથી મોટી ટેક કંપની હુઆવેઈ ભારતના તમામ પ્રમુખ દૈનિક સમાચાર પત્રોમાં મોટા-મોટા વિજ્ઞાપન પ્રકાશિત કરીને ભારતને લુભાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. ઉેંદ્બી દ્વારા એ દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે કે ભારતની સાથે તેમનો સંબંધ ઘણો જૂનો છે. તે છેલ્લા ૨૦ વર્ષથી અહીં વેપાર કરી રહ્યા છે અને હંમેશા ભારતના હિત માટે પ્રતિબદ્ધ છે. જોકે, લદ્દાખ હિંસા બાદથી ચીની કંપનીઓ ભારત સરકાની હિટલિસ્ટમાં છે.

**KAPASHI COMMERCIALS LTD**

(CIN: L51900GJ1985PLC110976)

Reg.Office.: 206, S.F. Ashirwad Paras 1, Near Kanti Bharwad PMT Opposite Andaz Party Plot, Makarba Ahmedabad, Gujarat 380051
Email: shwetasamirshah1997@gmail.com
Website: www.kapashicommercial.com

**NOTICE**

**Notice** is hereby given that pursuant to Regulation 29 read with Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 that a meeting of the Board of Directors (02/2020-21) of the Company will be held on T**hursday,10th September, 2020** at the Registered Office of the Company to consider and approve inter alia, un-audited Financial Results of the Company for the quarter ended on **30th June, 2020** and to transact the other businesses mentioned in the Board Meeting Notice.

The said notice is also available on the website of the Company at www.kapashicommercial.com and on the website of Stock Exchange where shares of the Company are listed i.e. www.bseindia.com

**By Order of the Board**
**Sd/-**
**Shweta Samir Shah**
**Managing Director**
**(DIN: 03082967)**

**Place: Ahmedabad**
**Date : 02nd September,2020**

Printed & Published by Mayur C. Bhatt on behalf of Kalyani Pub. Pvt. Ltd Printed at- Mahadev Offset, H-47 Ravi Estate, Rustam Mill Compound, Dudheshwar, Ahmedbada-4. Published from 201-2, Nandan Com. Opp. Mithakhali Rly Crossing, Mithakhali, Ahd-6 Edi.: Mayur Bhatt

# લોકડાઉનમાં ફેવરિટ વેબસિરીઝ

હાલમાં આમ તો અનલોક વનનો ગાળો ચાલી રહ્યો છે પણ તેમ છતાં હજી લોકો બહાર નિકળતા ભયભીત છે તેઓ હજી લોકો સાથે એટલા ખુલ્લા મને કે મોકળાશથી મળવાનું ટાળે છે.નોકરી ધંધો કરવો પડે તેમ હોવાને કારણે તેઓ તે કરવા મજબૂર છે પણ ઓફિસ અને કાર્યસ્થળોએ પણ સોશિયલ ડિસ્ટંસિંગને જાળવવું પડે છે તેવામાં વ્યક્તિ પોતાના ઘરમાં જ પોતાના પરિવારની સાથે જ મોકળા મને રહે છે અને તેવામાં તેમને સાથ આપે છે ટેલિવિઝન અને સ્માર્ટફોન જેમાં તે ફિલ્મો તો નિહાળી શકે છે પણ હાલમાં કોઇ નવી ફિલ્મો રિલીઝ થઇ નથી તેવામાં તેમની પાસે જુની ફિલ્મો નિહાળવા સિવાય બીજો વિકલ્પ નથી પણ ઓટીટી પ્લેટફોર્મ પર હાલનાં સમયે વેબ સિરીઝો બહોળા પ્રમાણમાં રિલીઝ થઇ રહી છે અને તેમાંની કેટલીકે તો લોકડાઉનનાં આ કપરા કાળમાં લોકોને મનોરંજન આપવાનું કાર્ય કર્યુ છે.કારણકે ટેલિવિઝન પર પણ હાલમાં તો જુની સિરીયલોનાં જુના એપિસોડ જ દર્શાવવામાં આવી રહ્યાં છે હાલમાં કેટલીક ધારાવાહિકોનાં શુટિંગ શરૂ થયાં છે પણ નવા એપિસોડ આવવામાં વાર લાગે તેમ છે.તેવામાં ઓટીટી પ્લેટફોર્મને ચાંદી થઇ ગઇ છે કારણકે મોટાભાગનો દર્શક વર્ગ તે તરફ ખેંચાયો છે.હાલમાં દર્શકોમાં જે વેબસિરીઝોએ સૌથી વધારે આકર્ષણ જમાવ્યું છે તેમાં કહેનો કો હમસફર હૈ, આર્યા, રક્તાંચલ, પાતાલલોક અને લાલબજાર છે.

હાલમાં તેની ત્રીજી સિઝન ચાલી રહી છે.આ સિરીયલમાં પારિવારિક સંબંધોનાં ઉંડાણને દર્શાવાયું છે.અલ્ટ બાલાજી અને જી ફાઇવનો આ શો હાલમાં તમામ વયવર્ગનાં લોકોને પસંદ પડી રહ્યો છે.રોનિત રોય, ગુરદીપ કોહલી અને મોના સિંહે આ સિરિઝમાં જોરદાર અભિનય દાખવ્યો છે.આ વેબસિરીઝને એકતા કપુર માટે સૃષ્ટી આર્યા બહેલ અને ગોલ્ડી બહેલે બનાવી હતી અને તે ઝી ફાઇવ અને અલ્ટ બાલાજી પર કોવિડને કારણે અટકી પડેલી શ્રેણીઓનાં વિકલ્પનાં રૂપે રજુ કરાઇ હતી.આ સિરિઝ ૨૫ માર્ચ ૨૦૨૦માં સૌપહેલા રજુ થઇ હતી.જો કે આ સિરીઝની પહેલી સિઝન આમ તો ૧૬ માર્ચ ૨૦૧૮માં રિલીઝ થઇ હતી.

હાલમાં જ હોટસ્ટાર પર રિલીઝ થયેલી આર્યા હાલમાં બહુ ચર્ચાસ્પદ છે.આ શો દ્વારા સુસ્મિતા સેને પુનરાગમન કર્યુ છે અને આ સિરિઝમાં તેનો અભિનય અત્યાર સુધીનો તેનો સર્વશ્રેષ્ટ અભિનય પુરવાર થયો છે આ સિરીયલમાં તેણે એક એવી ગૃહિણીની ભૂમિકા અદા કરી છે જે પોતાના પતિ સાથેની જિંદગીમાં બહુ ખુશ છે પણ અચાનક જ તેના પર દુખનો પહાડ તુટી પડે છે કેટલાક લોકો તેના પતિની હત્યા કરી નાંખે છે અને તેને તાત્કાલિક તેના પતિનો બિઝનેશ સંભાળવો પડે છે અને તેના માટે એ એટલું સરળ નથી કારણકે તેના માટે રોજ એક મુસીબત રાહ જોઇને ઉભી હોય છે પણ તેમ છતાં તે આ તમામ મુશ્કેલીઓનો સામનો તો કરે જ છે પણ સાથોસાથ પોતાના પરિવારને પણ સંભાળે છે પોતાના સંતાનોને તે સાચવે છે.જોરદાર ટવીસ્ટ અને ટર્ન ધરાવતી આ વેબસિરીઝે દર્શકોને મોજ કરાવી દીધી હતી.આમ તો આ સિરીઝ પીટર બાર્ટની ડચ ડ્રામા સિરીઝ પેનોઝા પર આધારિત છે પણ રામ માધવાની અને સંદીપ મોદીએ તેને પુરેપુરો ભારતીય ટચ આપ્યો છે.૧૯ જુન ૨૦૨૦માં આ સિરીઝ રિલીઝ થઇ હતી.સિરીઝમાં આર્યાની ભૂમિકા તો સુસ્મિતાએ નિભાવી છે આ ઉપરાંત સિરીઝમાં ચંદ્રચુડ સિંહ, સિકંદર ખેર, અંકુર ભાટિયા, એલેકસ ઓનીલ, મનીષ ચૌધરી, વિર્તી વાઘાણી, વિરેન વઝીરાની અને પ્રત્યક્ષ પનવારે અભિનય આપ્યો છે.નવ એપિસોડમાં આ આખી કથાને રજુ કરાઇ છે.આ ઉપરાંત હાલમાં જે વેબસિરીઝે સૌથી વધારે ચર્ચા જગાવી છે તે પાતાલ લોક છે. એમેઝોન પ્રાઇમ વીડિયોની આ ક્રાઇમ થ્રિલર એટલી ગુંચવાડાવાળી છે કે દર્શકો દરેક વસ્તુ પર સવાલ ઉભા કરે છે.ઇન્સપેક્ટર હાથીરામની ભૂમિકા જયદીપ આહલાવતે નિભાવી છે અને તે હાલમાં દરેક ઘરમાં લોકપ્રિય બની ગયો છે.આ ઉપરાંત નીરજ કાબી અને અભિષેક બેનર્જીની પણ ચર્ચાઓ ચાલી રહી છે.આ સિરીઝ પહેલા દશ્યથી માંડીને છેલ્લા દશ્ય સુધી દર્શકોને ઝકડી રાખવામાં સફળ રહી છે.આ સિરીઝ આમ તો તરૂણ તેજપાલની નવલકથા ધ સ્ટોરી ઓફ માય અસાસિન પર આધારિત છે.ધ ઇન્ડિયન એકસપ્રેસે આ સિરીઝને વર્ષ ૨૦૨૦ની સૌથી શ્રેષ્ઠ સિરીઝ ગણાવી હતી.આ સિરીઝનું લેખન આમ તો સુદીપ શર્માએ શરૂ કર્યુ હતું ત્યારબાદ તેમાં હાર્દિક મહેતા, ગુંજીત ચોપરા અને સાગર હવેલી જોડાયા હતા.શર્માએ પ્રથમ અને છેલ્લા ત્રણ એપિસોડ લખ્યા હતા જ્યારે અન્ય એપિસોડ અન્ય લેખકોએ લખ્યા હતા.આ સિરીઝનું દિગ્દર્શન પ્રોસિત રોય અને અવિનાશ અરૂણ ધાવરેએ કર્યુ છે.આ સિરીઝનું શુટિંગ ભારતના એકસો દસ શહેરોમાં કરાયુ છે.જો કે કહાની દિલ્હીની છે અને તેમાં દિલ્હીનાં લુટિયન્સ ઝોનને સ્વર્ગ, વસંત વિહાર અને નોઇડાને ધરતી અને જમનાપારનાં દિલ્હીને નર્ક સાથે સરખાવાયું છે.સિરીઝની કલાઇમેકસ પણ યુધિષ્ઠર અને શ્વાનની પરિક્ષા પર આધારિત છે.સિરીઝમાં જયદીપ આહલાવત ઉપરાંત ગુલ પનાગ, બોધિસત્વ શર્મા, ઇશ્વાક સિંઘ, નીરજ કાબી, સ્વસ્તિકા મુખર્જી, નિહારીકા, અભિષેક બેનર્જી, જગજીત સંધુ, આસિફ ખાન, મનીષ ચૌધરી વગેરેએ અભિનય આપ્યો છે.આ સિરીઝ પણ નવ એપિસોડ ધરાવે છે જેને અલગ અલગ નામ અપાયા છે.તેની જાતિવાદી ટીપ્પણીઓને કારણે આ સિરીઝ ખાસ્સી વિવાદાસ્પદ બની હતી.સંસદમાં પણ તેના કારણે હોબાળો મચ્યો હતો.ઓલ અરૂણાચલ પ્રદેશ ગોરખા યુથ એસોસિએશને માનવાધિકાર પંચમાં તેની વિરૂદ્ધ અરજી કરી હતી.ભાજપનાં એક ધારાસભ્યએ પણ આ સિરીઝ સામે વાંધો ઉઠાવ્યો હતો.

## સચિન જીઆઈડીસીમાં ચાલુ વર્ષનો વેરો માફ કરવા બેનરો લાગ્યા

સુરત, ચાલુ વર્ષે કોરોના સંક્રમણના કારણે ઉદ્યોગકારોની હાલત કફોડી થઈ છે. ચારેક મહિનાથી કારખાના બંધ હોવા છતાં એકમોના નોટિફાઈડ ટેક્સના પ્રથમ છ માસના બિલ ફટકારવામાં આવ્યાં છે. જે ભરવાની છેલ્લી તારીખ ૩૧ ઓગસ્ટ છે. ત્યારે ઉદ્યોગકારોના પ્રતિનિધિમંડળે પૈંઢઝના એમડી એમ. થેન્નારસન અને નોટિફાઈડ ડિરેક્ટર એસ.એમ.વારલીને રજૂઆત કરવા છતાં કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. કોરોના સંક્રમણ વચ્ચે ઔદ્યોગિક એકમોના વેરા માફ કરવામાં આવે તેવી માંગ સાથે વેપારીઓને જાગૃત કરતાં પોસ્ટર સચિન GIDCમાં ઠેર ઠેર લગાવવામાં આવ્યાં છે.

**TTL ENTERPRISES LIMITED**

(Formerly Known as Trupti Twisters Limited)
Reg.Off: 304, 3rd Floor, Shoppers Plaza-5, Opp. Municipal Market, C.G Road, Navrangpura, Ahmedabad - 380009
Web Site : www.ttlent.com
CIN:L17119GJ1988PLC096379

**Statement of Unaudited Financial Results for the Quarter ended 30th June, 2020**

**(Rs. In Lakhs)**

| Sl.No. | Particulars | Quarter Ended 30.06.2020 | Preceding Quarter Ended 31.03.2020 | For the Corresponding Quarter Ended 30.06.2019 (Unaudited) | Year Ended 31.03.2020 (Audited) |
|---|---|---|---|---|---|
| 1 | Total Income from Operations | ----- | ----- | ------ | ------ |
| 2 | Net Profit/ (Loss) for the Period (before tax, exceptional and/or Extra Ordinary Items#) | (0.97) | (5.98) | (0.73) | (7.94) |
| 3 | Net Profit/ (Loss) for the Period before tax (after exceptional and/or Extra Ordinary Items#) | (0.97) | (5.98) | (0.73) | (7.94)) |
| 4 | Net Profit/ (Loss) for the Period after tax (after exceptional and/or Extra Ordinary Items#) | (0.97) | (5.98) | (0.73) | (7.94) |
| 5 | Total Comprehensive Income for the Period (Comprising Profit / (Loss) for the Period (after tax) and Comprehensive Income (after tax)] | (0.97) | (5.98) | (0.73) | (7.94) |
| 6 | Equity Share Capital | 6.96 | 6.96 | 6.96 | 6.96 |
| 7 | Earnings per equity share: | | | | |
| | (1) Basic | (1.394) | (8.598) | (0.00) | (11.408) |
| | (2) Diluted | (1.394) | (8.598) | (0.00) | (11.408) |

Notes:
1. The above Unaudited financial results was reviewed by the Audit Committee and taken on record by the Board of Directors at their meeting held on Wednesday 02nd September, 2020.
2. Company operates only in Single segment.

**For,TTL Enterprises Limited**
**(Formerly Known as Trupti Twisters Limited)**
**Sd/-**
**Keyoor Bakshi**
**Director**
**DIN:00133588**

**Date: 02.09.2020**
**Place: Ahmedabad**

## ધોળા દિવસે તસ્કર દુકાનમાંથી ૮૦ હજાર ભરેલી બેગ લઈ ફરાર

સુરત, શહેરના પાંડેસરા વિસ્તારમાં ધોળા દિવસે ચોરી ઘટના સામે આવી છે. જેમાં એક તસ્કર બપોરના સમયે દુકાન ઘૂસી આવે છે અને ૮૦ હજાર રોકડ ભરેલી બેગ લઈને ફરાર થઈ જાય છે. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ જવા પામી છે. જેથી સીસીટીવી આધારે પોલીસે તસ્કરની શોધખોળ હાથ ધરી છે. પાંડેસરા વિસ્તારમાં આવેલા પિયુષ પોઈન્ટ ખાતે શિવ નગર પ્લોટ નંબર ૧૪માં શિવ શક્તિ ટ્રેડર્સની દુકાન આવેલી છે. ગત રોજ બપોરે એક ચોર દુકાનમાં ઘૂસી આવ્યો હતો. દુકાનમાં ઘૂસી ૮૦ હજાર રોકડા રૂપિયા અને ઓરિજનલ ડોક્યુમેન્ટ ભરેલી બેગ લઈને તસ્કર ફરાર થઈ ગયો હતો. દુકાન માલિકે તપાસ કરતા તસ્કર સીસીટીવીમાં કેદ થઈ ગયો હતો. જેથી સીસીટીવી આધારે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસ તસ્કરની શોધખોળ હાથ ધરી છે. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ જવા પામી છે. જેથી સીસીટીવી આધારે પોલીસે તસ્કરની શોધખોળ હાથ ધરી છે. પાંડેસરા વિસ્તારમાં આવેલા પિયુષ પોઈન્ટ ખાતે શિવ નગર પ્લોટ નંબર ૧૪માં શિવ શક્તિ ટ્રેડર્સની દુકાન આવેલી છે.

**પ્રવેગ કોમ્યુનિકેશન્સ (ઈન્ડિયા) લીમીટેડ**

PRAVEG Accelerating ideas

રજીસ્ટર ઓફીસ-પહલો માળ, ૧૦૧-૧૦૨, શાંતિ આર્કેડ ૧૩૨ ફીટ રીંગ રોડ, નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩
સીન: L24231GJ1995PLC024809 । વેબસાઈટ: www.praveg.com
ઈ-મેલ: cs@praveg.com । ફોન: +૯૧ ૭૯ ૨૭૪૯૬૭૩૭

**૨૫મી વાર્ષિક સામાન્ય સભાની નોટીસ, બુક ક્લોઝર અને ઈ- વોટિંગ**

આથી અહી નોટીસ આપવામાં આવે છે કે **પ્રવેગ કોમ્યુનિકેશન્સ (ઈન્ડિયા) લીમીટેડની ૨૫મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ)ની વીડીઓ કોન્ફરન્સીંગ (વીસી) અથવા બીજી તરફ ઓડીયો વિજ્યુઅલ મીન્સથી (ઓએવીએમ) સોમવાર, ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૦ ના રોજ સાંજે ૦૪.૦૦ વાગે** જે કંપનીઝ અધિનિયમ, ૨૦૧૩ ની લાગુ જોગવાઈઓ અને સેબી (લીસ્ટીંગ ઓબ્લીગેશન એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ સેબી રેગ્યુલેશન) અને તે મુજબના નિયમો, એમસીએ પરિપત્ર તારીખ ૫મે, ૨૦૨૦ સાથે પરિપત્ર તારીખ ૮, એપ્રિલ, ૨૦૨૦ અને ૧૩ એપ્રિલ, ૨૦૨૦ નું પાલન કરી ૨૫મી એજીએમ નોટિસમાં નિર્ધારિત વ્યવસાયનો વ્યવહાર કરવા માટે શારીરિક હાજરી વિના કંપનીની રજીસ્ટર્ડ ઓફિસે આ એજીએમ યોજાશે.

કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની સભા જે ૩ જુલાઈ, ૨૦૨૦ ના રોજ યોજાયેલી તેમાં વર્ષ ૩૧માર્ચ, ૨૦૨૦ના અંતે ૧૫ ટકા ડિવિડન્ડ (જેમકે ૧૦/- રૂ.ના પ્રત્યેક ઈક્વિટી શેર પર રૂ.૧.૫૦) આપવાનું રેકેમેન્ડ કરેલ. ત્યાર પછી રજીસ્ટર ઓફ શેર હોલ્ડર્સ અને શેર ટ્રાંસફર બુક ઓફ કંપની **મંગળવાર, ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૦ થી સોમવાર, ૨૮, સપ્ટેમ્બર, ૨૦૨૦ (બન્ને દિવસો સહિત) ૨૫મી વાર્ષિક સામાન્ય સભા જે ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૦ છે,** તેના વ્યવહાર હેતુ સારૂ બંધ રહેશે.

કોવિડ-૧૯ ની મહામારી ચાલતી હોવાના કારણે અને એમસીએ પરિપત્ર તારીખ ૫ મે,૨૦૨૦ જોઈને વાર્ષિક અહેવાલ ની ફીઝિકલ કોપી સાથે એજીએમ નોટિસ સાથે ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલની ફીઝિકલ કોપી તમામ સભ્યોને જેમના કંપની/ડીપોઝીટરી પાસે નોંધાયેલા ઈમેઈલ આઈ ડી પર મોકલવામાં આવ્યા છે અને કંપની વેબસાઈટ www.praveg.com અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ જેમકેબીએસઈ લીમીટેડ એટ્. www.bseindia.com પર ઉપલબ્ધ છે. અને એનએસડીએલની વેબસાઈટ (રિમોટ ઈ- વોટિંગ સુવિધા એજેન્સીમાટે) જેમકે www.evoting.nsdl.com પર પણ ઉપલબ્ધ છે.

**સભ્યોના ઈ-મેલ એડ્રેસ અપડેટીંગની પદ્ધતિ**

જે સભ્યો ફીઝિકલ મોડમાં શેર ધરાવે છે અને ઈમેઈલ એડ્રેસ રજીસ્ટર્ડ કરાવ્યા નથી તે કંપનીઝ આરટીએ એમસીએસ શેર ટ્રાંસફર એજેન્ટ લીમીટેડ એટલે mcsstaahmd@gmail.com અથવા કંપની એટ્ cs@praveg.com પર અલગ થી નામ, પોસ્ટલ એડ્રેસ, ફોલિયો નંબર, ટેલીફોન /મોબાઈલ નંબર અને સેલ્ફ એટેસ્ટેડ કોપી ઓફ ધ પરમેનેન્ટ એકાઉન્ટ નંબર (પાન) પર લખીને મોકલવાની વિનંતી છે. જે સભ્યો ડિમટીરીયલાઈઝડ ફોર્મમાં શેર ધરાવે છે અને તેમના ઈ-મેલ આઈડી અપડેટેડ/રજીસ્ટર્ડ નથી કરાવ્યા તે ડિપોઝિટરી પાર્ટીસિપેન્ટ ને ઈ-મેલ આઈડી અપડેટ/રજીસ્ટર કરવાની વિનંતિ કરી શકે છે.

**ઈ- વોટિંગ મારફતે મતદાન કરવાની રીત**

રિમોટ ઈ- વોટિંગ ઠરાવો પર કંપની એ રિમોટ ઈવોટીંગની તેમજ એજીએમ દરમ્યાન ઈ વોટીગની સગવડ આપી છેજે એનએસડીએલ દ્વારા ઉપલબ્ધ કરાશે એ સીસ્ટમ મારફતે ઈલેક્ટ્રોનિક્સ પધ્ધતિથી સભ્ય વોટ આપી શકશે. **રિમોટ ઈ- વોટિંગ ગુરૂવાર, ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૦ સવારે (૯.૦૦) વાગે શરૂ થશે અને રવિવાર, ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૦ ના રોજ (સાંજે ૦૫.૦૦ વાગે ) બંધ થશે.** જો કોઈ વ્યક્તિ વાર્ષિક સામાન્ય સભાની નોટિસ આપ્યા પછી અને કટ-ઓફ તારીખ જેમ કે ૨૧મી સપ્ટેમ્બર૨૦૨૦ ના પહેલા કંપનીના શેર ખરીદ્યા હોય અને કંપનીના સભ્ય બન્યા હોય તો તેઓ ઈલેક્ટ્રોનિકલી વોટ આપી શકે છે. રિમોટ ઈ- વોટિંગ પુર્ણ થયા બાદ એનએસડીએલ દ્વારા મોડ્યુલ બંધ કરી દેવામાં આવશે. એજીએમ નોટીસમાં દર્શાવેલ માર્ગદર્શિકા મુજબ www.evoting.nsdl.com પર વોટ આપી શકે છે, જે સભ્યો રીમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાના મતાધિકારનો ઉપયોગ કરી ચુક્યા હોય તેઓ વીસી અથવા ઓએવીએમની એજીએમમાં હાજરી આપી શકશે પરંતુ એજીએમ દરમ્યાન એનએસડીએલ પોર્ટલ પર મત આપી શકે છે.કોઈપણ સભ્ય જે કટ-ઓફ ડેટ જેમ કે **૨૧મી સપ્ટેમ્બર, ૨૦૨૦**ના રોજ શેર ઘરાવતા હોય, અને એજીએમ નોટીસ ડિસ્પેચ કર્યા પછી શેર ધરાવતા હોય તો તે તેમનો લોગઈન આઈડી અને પાસવર્ડ evoting@nsdl.co.in પર લખી મોકલવાની વિનંતી છે.

**ઈલેક્ટ્રોનિક ક્રેડિટ ઓફ ડિવીડન્ડ મેનડેટ રજીસ્ટર કરવાની રીત**

શેર ધારકોને વિનંતી છે કે ડિવિડન્ડ ની ઈલેક્ટ્રોનિક ક્રેડીટ સુવિધાના આદેશમા તેમની બેંકની માહિતી સાથે નામ અને બ્રાન્ચ ઓફ બેંક , બેંક એકાઉન્ટ નંબર તથા ૯ ડિઝિટ માઈક્રો કોડ નંબર તથા આઈએફએસસી કોડ સાથે કેન્સલ્ડ ચેક ની કોપી પ્રથમ શેરધારકનુ નામ સાથે કંપનીઝ રજીસ્ટ્રાર એટ્ mcsstaahmd@gmail.com પર મોકલવી. આ શેયર ફીઝિકલ ફોર્મ અને માનનીય ડિપોઝિટરી પાર્ટીસીપેન્ટ ડીમટરીયલાઈઝ ફોર્મ માં શેર હોવા જોઈએ.

બેંક વિગત ના મળેલ હોય તો કંપની ઈલેક્ટ્રોનિક ક્રેડિટ ડિવિડન્ડ કંપની નહી ચુકવી શકે તો શેર હોલ્ડરો ને ડિવડન્ડ વોરન્ટ ફીઝિકલી રવાના કરશે જયાર સામાન્ય સ્થિતિ થઈ જશે.

**ડિવિડન્ડ માટે ટેક્સ એટ સોર્સની કપાત**

ફાયનેન્સ એક્ટ, ૨૦૨૦ નું પાલન કરી, જે રેસીડેન્ટ શેર હોલ્ડર ની ડિવિડન્ડ આવક રૂા. ૫૦૦૦ કરતા વધુ હશે તે શેર ઘારકોના હાથમાં ૧ એપ્રિલ, ૨૦૨૦ થી ટીડીએસ કપાત બાદની રકમ આવશે.

સભ્યોને વિનંતી છે કે તેમની વ્યક્તિગત હોદ્દાની માહિતી અપડેટ કરે જેમકે પાન કાર્ડની વિગત, કંપની/આરટીએ/ડીપી સાથે નોંધણી નહી કરેલ હોય તો ૨૦ ટકા રેટ પ્રમાણે ટેક્સ કપાત થશે.

ઈન્ડીવિજ્યુઅલ રેસીડેન્ટ શેર હોલ્ડર્સ પાન કાર્ડ ઘરાવતા હોય ઈન્કમટેક્ષ ભરવાને પત્ર ન થતા હોય તેઓ વાર્ષિક ડીકલેરેશન ફોર્મ નં. ૧૫જી/૧૫ એચમાં ઈમેલ mcsstaahmd@gmail.com પર તા ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૦ શુક્રવાર ,પહેલા આપવાનું રહેશે.

બિન રહેણાંક શેર હોલ્ડર્સ ભારત અને તેમના રહેવાસી દેશ વચ્ચે કર સંધી હેઠળ લાભકારક દરો મેળવી શકે છે,જરુરી દસ્તાવેજો પુરા પાડવાને આધિન જેમકેપરમાનેન્ટ સ્થાપિત અને બેનિફિશ્યલી ઓનરશીપ ડિકલેરેશન, ટેક્સ રેસીડેન્સ સર્ટિફિકેટ, ફઓર્મ ૧૦ એફ,કોઈપણ અન્ય દસ્તાવેજ જેનો લાભ લેવા માટે જરુરી હોય તે ઈમેલ cs@praveg.com પર ઈમેલ મોકલી શકો છો. ઉપરોક્ત ડિક્લેરેશન અને દસ્તાવેજો શુક્રવાર ૧૮સપ્ટેમ્બર, ૨૦૨૦ પહેલા સબમીટ કરી દેવા.

**પ્રવેગ કોમ્યુનિકેશન્સ (ઈન્ડિયા) લીમીટેડ**
**(જે સ્વોર્ડ એન્ડ શીલ્ડ ફાર્મા લીમીટેડ નામે ઓળખાતી)**
**સહી/-**
**મુકેશ ચૌધરી**
**કંપની સેક્રેટરી**

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨ સપ્ટેમ્બર૨૦૨૦

**કિન્ટેક રીન્યુએબલ્સ લિમિટેડ**

KRL Kintech Renewables

**કોર્પોરેટ ઓળખ સંખ્યા:** L૪૦૧૦૫GJ૧૯૮૫PLC૦૧૩૨૫૪
**રજિસ્ટર્ડ ઓફિસ:** કિન્ટેક હાઉસ, ૮, શિવાલિક પ્લાઝા, એ.એમ.એ. ની સામે, આઇ.આઇ.એમ. રોડ, અમદાવાદ - ૩૮૦૦૧૫, ગુજરાત
**ટેલિ.:** (૦૭૯) ૨૬૩૦૩૦૬૪; વેબસાઇટ: www.kintechrenewables.com;
ઈમેલ: cs@kintechrenewables.com

**૩૫મી વાર્ષિક સામાન્ય સભા, બુક બંધ અને ઈ-વોટિંગ અંગેની નોટિસ**

આથી નોટિસ આપવામાં આવે છે કે કિન્ટેક રીન્યુએબલ્સ લિમિટેડ (કંપની) ના સભ્યોની ૩૫મી વાર્ષિક સામાન્ય સભા (AGM) ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૦ ને સોમવાર ના રોજ બપોરે ૦૩:૦૦વાગે ટુ-વે વીડિઓ સંગઠન (''વીસી'') અથવા અન્ય ઓડિયો વિઝ્યુઅલ મીન્સ(''ઓવીએમ'') દ્વારા યોજવામાં આવશે કે જેમાં વાર્ષિક સામાન્ય સભા ની જાણ કરતી નોટિસ તારીખ ૦૫ ઑગસ્ટ, ૨૦૨૦ માં જણાવેલ કામકાજો અંતર્ગત રાખવામાં આવેલ છે.

હાલના COVID-19 દેશવ્યાપી રોગચાળાને મોટા પ્રમાણમાં ફેલાવાને ધ્યાનમાં રાખીને, ભારત સરકાર, કોર્પોરેટ બાબતોના મંત્રાલયે તેના પરિપત્ર નંબર ૧૪/૨૦૨૦, તા. ૦૮ એપ્રિલ, ૨૦૨૦, પરિપત્ર નં. ૧૭/ ૨૦૨૦, તા. ૧૩ એપ્રિલ, ૨૦૨૦, પરિપત્ર નં.૨૦/૨૦૨૦, તા. ૦૫ મે ૨૦૨૦ અને સેબીના પરિપત્ર નંબર SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 તા. ૧૨ મે, ૨૦૨૦ ("પરિપત્રો") માં AGM કોઈપણ સભ્યોની ભૌતિક હાજરી વગર વીડિઓ સંગઠન (''વીસી'') અથવા અન્ય ઓડિયો વિઝ્યુઅલ મીન્સ(''ઓવીએમ'') દ્વારા યોજવાની મંજૂરી આપી છે.

પરિપત્રો અનુસાર, વાર્ષિક અહેવાલ ૨૦૧૯-૨૦ સાથે ઈ-વોટિંગ અંગેના સૂચનો ફક્ત એવા સભ્યોને ઈ-મેલ દ્વારા તા. ૦૨ સપ્ટેમ્બર, ૨૦૨૦ એ મોકલવામાં આવ્યા છે કે જેમના ઇ-મેઈલ સરનામાંઓ ડિપોઝિટરીઝ / કંપનીમાં નોંધાયેલ છે. AGMની નોટિસ અને આ જાહેર નોટિસ કંપનીની વેબસાઈટ એટલે કે www.kintechrenewables.com, સ્ટોક એક્સચેંજની વેબસાઈટ એટલે કે www.bseindia.com અને સીડીએસએલ એટલે કે www.evotingindia.com વેબસાઈટ પર પણ ઉપલબ્ધ છે. AGMની નોટિસ અને વાર્ષિક અહેવાલ ૨૦૧૯-૨૦ની ભૌતિક નકલો મોકલવાની જરૂરિયાત ઉપરના પરિપત્રો મુજબ દૂર કરવામાં આવી છે.

વિશેષમાં નોટિસ આપવામાં આવે છે કે કંપની ધારા, ૨૦૧૩ ની કલમ ૯૧ તથા કંપની (સંચાલન અને વહીવટ ) નિયમો , ૨૦૧૪ ના નિયમ ૧૦ અન્વયે કંપનીના સભ્યોના રજીસ્ટર તથા શેર ટ્રાન્સફર બુક વાર્ષિક સામાન્ય સભા ના હેતુ માટે મંગળવાર, તા. ૨૨ મી સપ્ટેમ્બર, ૨૦૨૦ થી સોમવાર, ૨૮ મી સપ્ટેમ્બર, ૨૦૨૦ સુધી (બંને દિવસો સહિત) ના કામકાજ અંતર્ગત બંધ રહેશે.

કંપનીના અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૦૮ મુજબ અને એની સાથે વંચાતા નિયમ ૨૦ના કંપનીસ (મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન) રૂલ્સ, ૨૦૧૪ના અને રેગ્યુલેશન ૪૪ ના સેબી (એલઓડીઆર) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના મુજબ કંપની તેના સભ્યોને તેમના મત આપવા માટે સુવિધાઓ પ્રદાન કરી રહી છે. ઉપરોક્ત સૂચનામાં રજૂ કરેલા તમામ ઠરાવો પર 'રિમોટ ઈ-વોટિંગ' દ્વારા કંપનીના અધિનિયમ, ૨૦૧૩ અને તેના નિયમોની જોગવાઈઓ અનુસાર જરૂરી વિગતો અહીં નીચે જણાવેલ છે:

| | | |
|---|---|---|
| ૧ | રિમોટ ઈ-વોટિંગના પ્રારંભની તારીખ અને સમય | ગુરુવાર, ૨૪ મી સપ્ટેમ્બર, ૨૦૨૦, સવારે ૯:૦૦ વાગે |
| ૨ | રિમોટ ઈ-વોટિંગના સમાપનની તારીખ અને સમય | રવિવાર, ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૦, સાંજે ૫:૦૦ વાગે |
| ૩ | રિમોટ ઈ-વોટિંગનો હક્ક નક્કી કરવા માટે ની કટ-ઓફ તારીખ | સોમવાર, ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૨૦ |
| ૪ | કંપની દ્વારા AGM ની નોટિસ મોકલાયા બાદ જે વ્યક્તિઓએ શેર હસ્તગત કર્યા હોય અને કંપની ના સભ્યો બન્યા હોય તેમજ કટ-ઑફ તારીખ સુધીમાં ડિપોઝિટરીસ દ્વારા જાળવવામાં આવતા સ્ટેટમેન્ટ ઓફ બેનિફિશ્યિલ ઓનર્સ/કંપનીના સભ્યોના રજીસ્ટરમાં નામ ધરાવતા હોય તેવી વ્યક્તિ AGM ની નોટિસમાં દર્શાવેલી પ્રક્રિયા પ્રમાણે રિમોટ ઈ-વોટિંગ દ્વારા તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકશે અને તે જ સભ્યો ટુ-વે વિડીયો સંગઠન ('વીસી') સુવિધા અથવા અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો ('ઓએવીએમ') દ્વારા AGMમાં હાજરી આપી શકે છે. | |
| ૫ | રિમોટ ઈ-વોટિંગ કરી શકાશે નહી | રવિવાર, ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૦, સાંજે ૫:૦૦ વાગ્યા પછી |
| ૬ | AGMના ઠરાવો પર મત આપવાની કાર્યવાહી | બધા સભ્યોને જણાવવામા આવે છે કે ૩૫મી AGM ની સૂચનામાં જણાવેલ સામાન્ય અને વિશેષ ઠરાવને રિમોટ ઇ-વોટિંગ દ્વારા એટલે કે ઇલેક્ટ્રોનિક માધ્યમથી મતદાન કરવામાં આવશે. મીટિંગ દરમિયાન ઇ-વોટિંગ સિસ્ટમની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે અને મીટિંગમાં ભાગ લેનારા સભ્યો, જેમણે રિમોટ ઇ-વોટિંગ દ્વારા પોતાનો મત આપ્યો નથી, તે મીટિંગ દરમિયાન તેમના અધિકારનો ઉપયોગ કરી શકશે. AGM ની તારીખ પહેલા મતદાન કરનાર સભ્યો મીટિંગમાં મત આપવા માટે હકદાર ગણવામાં આવશે નહિ. |
| ૭ | ઇ-મેઇલ સરનામું અને બેંક વિગતોની નોંધણીની રીત | જે સભ્યોએ હજી સુધી તેમના ઈ-મેલ સરનામાં રજીસ્ટર કર્યા નથી અને તેમની બેંક વિગતો અપડેટ કરી નથી તેમને AGMની નોટિસ અને વાર્ષિક અહેવાલ ૨૦૧૯-૨૦ ઇલેક્ટ્રોનિક રીતે પ્રાપ્ત કરવા માટે નીચે જણાવેલ પ્રક્રિયાને અનુસરવા વિનંતી છે.:<br>૧. ભૌતિક સ્થિતિમાં શેર ધરાવતા સભ્યો માટેઃ કૃપા કરીને જરૂરી વિગતો પૂરી પાડો જેમ કે શેરધારકનું નામ અને ફોલિયો નં. અથવા પહેલા ધારકનું નામ ધરાવતા રદ થયેલ ચેકની સ્વ-પ્રમાણિત સ્કેન કરેલી નકલ, જો શેર સંયુક્ત રીતે ધરાવતા હોય તો ઈ-મેલ દ્વારા cs@kintechrenewables.com પર અથવા સભ્યો નીચેની લિંકને અનુસરીને ફોર્મ ડાઉનલોડ કરી શકે છે અને એમસીએસ શેર ટ્રાન્સફર એજન્ટ લિમિટેડ (કંપનીના આરટીએ) ને સબમિટ કરી શકે છે.<br>https://kintechrenewables.com/wp-content/uploads/2020/07/Updation-of-Information_Shareholders_KRL_Final.pdf<br>૨. ડીમેટ સ્થિતિમાં શેર ધરાવતા સભ્યો તેમના ડિપોઝિટરી સહભાગીઓ ને સંપર્ક કરીને તેમના ઈ-મેલ ના સરનામાં ની નોંધણી કરાવી શકશે અને બેંક વિગતો માં સુધારા કરી શકશે. |
| ૮ | રિમોટ ઈ-વોટિંગ સાથે સંકળાયેલ ફરિયાદોને ઉકેલવા માટે જવાબદાર વ્યક્તિની સંપર્કની વિગતો | સીડીએસએલના સત્તાવાર અધિકારીનું નામ - શ્રી રાકેશ દલવી, મેનેજર અથવા શ્રી નીતિન કુંદર અથવા શ્રી મહેબૂબ લાખાણી. સરનામું - ૨૫મો માળ, એ વિંગ, મેરેથોન ફ્યુચરેક્સ, મફતલાલ મિલ્સ કમ્પાઉન્ડ, એન.એમ. જોશી માર્ગ, લોઅર પરેલ (ઇ), મુંબઈ – ૪૦૦ ૦૧૩, ઈ-મેલ આઈ.ડી: helpdesk.evoting@cdslindia.com ફોન નંબર – ૦૨૨-૨૩૦૫૮૫૪૨/૪૩ અથવા ૦૨૨- ૨૩૦૫૮૭૩૮ |

**બોર્ડના આદેશ દ્વારા**
**કિન્ટેક રીન્યુએબલ્સ લિમિટેડ વતી,**
**હર્ષલ ગાંધી**
**કંપની સેક્રેટરી**

**સ્થળ : અમદાવાદ**
**તારીખ : ૦૨ સપ્ટેમ્બર, ૨૦૨૦**